## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



વિરસિંહ મગનલાલ મકવાણા (૧૯૪૧)ફોન : ૨૩૨૨૫૫૩૧

## દરિયામાં ડૂબી જવાથી વિદ્યાર્થીનું થયેલું મોત

અમદાવાદ, તા.૧૬

સોમનાથ નજીક દરિયામાં નહાવા પડેલા ચાર વિદ્યાર્થીઓ ડુબાયા હતા. જે પૈકી એક વિદ્યાર્થીનું મોત થયું હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે સોમનાથ મહર્ષી મહેશ યોગ વેદ વિદ્યાપીઠના ચાર વિદ્યાર્થીઓ અનુષ્ઠાન કરી દરિયામાં નહાવા ગયા હતા. દરમિયાનમાં ચારેય મિત્રો તણાવા લાગ્યા હતા. તે સમયે ત્રણ વિદ્યાર્થીઓનો બચાવ થયો હતો અને એક વિદ્યાર્થીનું ડુબી જવાથી મોત થયું હતું.

# ગુજરાતના દરિયાકાંઠે જાજરમાન નવા ગુજરાતનું નિર્માણ થઈ રહ્યું છે

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌરાષ્ટ્રના સાગરકાંઠે રાજૂલા નજીક દેવકામાં શ્રી રમેશભાઈ ઓઝાઁ-ભાઈશ્રીઁ સ્થાપિત દેવકા વિદ્યાપીઠનું લોકાર્પણ કરતા જણાવ્યું હતું કે આવતીકાલના નવા જાજરમાન ગુજરાતનું નિર્માણ (ન્યુ ગુજરાત વિધઈન ગુજરાત) સાગરકાંઠે જ થવાનું છે અને ગુજરાતનો ૧૬૦૦ કી.મી. દરિયા કિનારો હિન્દુસ્તાનની સમૃધ્ધિનું પ્રવેશદ્વાર બની જવાનો છે ત્યારે દેવકા વિદ્યાપીઠના ભારતીય સંસ્કૃતિ આધારિત શિક્ષણનું મહત્વ કેટલું વધી જશે, તે આજે ઘણા સમજી શકવાના નથી.

દેવકાની આ ધરતી ઉપર શ્રી રમેશ ઓઝા ભાઈશ્રી ઉછરીને મોટા થયા અને આ જન્મભૂમિનું ઋણ ચૂકવવા ૪૦ વિઘા જમીન ઉપર, દાતાઓના સહયોગથી ભારતીય ઋષિ-ગુરૂકુળ કેળવણીની પરંપરાને આત્મસાત કરવા દેવકા વિદ્યાપીઠનું નિર્માણ થયું છે.

આજના અવસરે, શ્રીમદ ભાગવત્ મહોત્સવ પણ યોજાઈ રહ્યો છે અને વ્યાસપીઠ ઉપર બિરાજમાન પ્રસિધ્ધ કથાકાર શ્રી રમેશ ઓઝાઁ ભાઈશ્રીઁ ના આશીર્વાદ મેળવીને મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતા જણાવ્યું કે માણસ ગમે તેવો મોટો થાય, લખલૂટ માન-મોભો મરતબો, પ્રતિષ્ઠા મેળવે પણ પોતાના વતનની ધરા ઉપર આ ભાગવત સપ્તાહ અને દેવકા વિદ્યાપીઠની દિવ્યતાનું નિર્માણ કરીને તેમણે જીવનની વિરલ ક્ષણનો સાક્ષાત્કાર કર્યો છે. ભીતરમાં દિવ્યતા હોય તો જ આવા ભવ્ય વિદ્યાધામનું સર્જન સંભવે એમ પણ તેમણે જણાવ્યું હતું અને આવા દિવ્ય વિચારને મૂર્તિમંત કરવામાં તેમને દાતા-સખાવતીનો જે સહયોગ મળ્યો છે તે માટે અભિનંદન આપ્યા હતા.

## સમાચાર ઝલક

- સચિન આજે રાજયસભાના સભ્ય તરીકે શપત લેશે.
- શેરબજાર ખુલતાં જ ભારે કડાકો : યુરોપ અને એશિયાઇ બજારોની નેગેટીવ અસરથી.
- અમરનાથના યાત્રાળુઓ ૭ દિવસ મોબાઇલની સગવડ મળશે.
- એન્ડરસનને 'ક્રિકેટર ઓફ ધ યર' નો એવોર્ડ અપાયો.
- રાજકોટમાં કોર્ટમાં આરોપી તથા ફરિયાદી વતી ડમી શખ્સોને રજૂ કરવાના ગુનામાં ૪ શખ્સોને ૭-૭ વર્ષની કેદ.
- કોર્પોરેટ હોસ્પિટલો મુસ્લિમ દર્દીઓને હલાલનું માંસ પીરસશે, દરેક રૂમમાં મક્કાની દિશા દર્શાવતું યંત્ર હશે. ગલ્ફ દેશોમાંથી મેડિકલ ટુરીઝમ વધારવાની તૈયારી.
- રાજયપાલ ડો. કમલા બેનીવાલ સામે રાજસ્થાનમાં ખેતમજૂર બની જમીન મેળવવાનો ભાજપનો આક્ષેપ.
- કર્ણાટકના યેદુરપ્પાને ત્યાં સી.બી.આઇ.એ વહેલી સવારથી ધામા.
- એમ.બી.બી.એસ. માટે ૨૦૧૩થી દેશભરમાં એક જ પરીક્ષા.
- અનુ.જાતિ, અનુ.જનજાતિની જ્ઞાતિઓના વિકાસમાં ગુજરાત સમગ્ર દેશ માટે મોડેલ રાજય : માનવ અધિકાર પંચ.
- રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નર શ્રી અજય ભાદુ સામે એટ્રોસીટીની ફરિયાદ કરવાની પછાતવર્ગના કર્મની ધમકી.
- બનાસડેરીમાં રાધનપુર, સાંતલપુરનું પ્રતિનિધિત્વ યથાવત્ રહેશે.
- ડીસાના કુચાવડા ગામે બે પિતરાઇ બહેનો ઉપર બળાત્કાર ગુજારાતા ચકચાર.
- વૈષ્ણોદેવીમાં શ્રધ્ધાળુનો અભૂતપૂર્વ ધસારો : દરરોજ ૩૫૦૦ દર્શાનાર્તીઓ દર્શનનો લ્હાવો લે છે.
- એક જ નામે બે ગેસ કનેકશન હોય તો ચેતજો : આવા ગ્રાહકો શોધવા માટે ખાસ ઝુંબેશ શરૂ.
- ટી.વી.ચેનલો ૧ કલાકમાં ૧૨ મિનિટથી વધુ જાહેરાત બતાવી શકશે નહીં.
- હવે યુરિયાના ભાવમાં ૧૦૦ ટકાનો વધારો થશે.

# અમદાવાદ વીએસ હૉસ્પિટલ પાસેથી એક કિલો ચરસ સાથે યુવક ઝડપાયો

### રંગે હાથ ઝડપાયેલા શખ્સની પૂછપરછ : બે આરોપીઓ હજુ વોન્ટેડ : શોધખોળ જારી, જુદા જુદા પાસાથી તપાસ : આરોપી જુહાપુરાનો રહેવાસી છે

અમદાવાદ,તા.૧૬

વી.એસ.હોસ્પિટલ પાસેથી એક કિલો ચરસ સાથે જુહાપુરા વિસ્તારનો એક યુવક રંગેહાથ ઝડપાયો છે. જ્યારે આ કેસમાં બે આરોપીઓ હજુ વોન્ટેડ છે. પોલીસે તેમની શોધખોળ હાથ ધરી છે. બીજી તરફ પોલીસે વિવિધ મુદ્દાને ધ્યાનમાં રાખી આરોપીની પુછપછ હાથ ધરી છે. સેક્ટર ૧ સ્ટ્રાઈકિંગ ફોર્સના કોન્સ્ટેબલ વિક્રમસિંહ તોમરને બાતમી મળી હતી કે, કેટલાક લોકો ચરસનો મોટો જથ્થો લઈ વીએસ.હોસ્પિટલ પાસે આવવાના છે જેને આધારે ગઈ કાલે રાત્રે પોલીસે મહેતા રેસ્ટોરેન્ટ પાસે વોચ ગોઠવી હતી. મોડી સાંજે એક યુવક ચરસની હેરફેર કરવા માટે આવ્યો હતો.

ત્યારે જ પોલીસે તેને દબોચી લીધો હતો. ત્યાર બાદ તેની તપાસ કરતા જાણવા મળ્યુ હતુ કે, તેનું નામ અકબર ઉર્ફે ઈલક ઈકબાલ શેખ (ઉં.વ.૫૫, રહે.જુહાપુરા) છે તે આ ચરસનો જથ્થો જુહાપુરાના જ યુવક જીણીયા પાસેથી લાવ્યો હતો અને એક યુવકને આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત તપાસમાં અફઝલ નામના યુવકનું નામ પણ આ પ્રકરણમાં ખુલ્યુ છે.

ત્યાર બાદ પોલીસે આરોપીને એલીસબ્રિજ પોલીસને સોંપ્યો છે. આરોપી ક્યાંથી ચરસ લાવી ક્યાં આપવાનો હતો, છેલ્લા કેટલા સમયથી આ પ્રકરાનો ધંધો કરે છે, કોને કોને ચરસ આપ્યું, તેની સાથે કોણ કોણ સંડોવાયેલું છે સહિતના વિવિધ મુદ્દે પોલીસે તપાસ હાથ ધરવા આરોપીના રિમાન્ડ લેવા તજવીજ હાથ ધરી છે.



ઉષ્માનપુરા ગાર્ડન પાસે સીએનજી ઓટો રિક્ષા ચાલક દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા. ભાવ વધારાના વિરોધમાં આ દેખાવો થયો હતા.

# કૃષિ મહોત્સવ બાદ હવે ૧૪મી જૂનથી રાજયમાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૧૬

ગરીબ કલ્યાણ મેળાઓ અને કૃષિ મહોત્સવ બાદ હવે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાની તડામાર તૈયારીઓ સરકાર દ્વારા હાથ ધરવામાં આવી છે.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ શાળાઓમાં ડ્રોપ આઉટ રેશીયો ઘટાડવા અને બાળકો શિક્ષિત બને તે માટે શાળામાં નામાંકન કરાવવાના ઉદ્દેશ સાથે રાજય સરકાર દ્વારા રાજયમાં દર વર્ષે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી ૧૪મી જુનથી ત્રણ દિવસ માટે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. જુનથી શાળાઓમાં વેકેશન પુરું થતાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો હોઈ આ સમય દરમિયાન શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે.

શાળાઓ સાથે છેલ્લા બે વર્ષથી આંગણવાડીઓને પણ સાંકળી લેવામાં આવી છે અને આંગણવાડીઓમાં પણ નાના ભૂલકાંઓના નામાંકન માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બાળકો શાળામાં પ્રવેશ મેળવે અને શાળાએ જતા થાય તે માટે તેમને પ્રોત્સાહન આપવા સ્કૂલ બેગ અને રમકડા સહીતના સાધનોનું વિતરણ બાળકોને કરવામાં આવે છે.

આગામી ૧૪મી જુનથી ત્રણ દિવસ માટે શરૂ થનારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં મંત્રીઓ ધારાસભ્યો સાંસદો ઉપરાંત આઈ.એ.એસ., આઈ.પી.એસ. અને સચિવાલયના અધિકારીઓને પણ કામગીરી સોંપવામાં આવનાર છે. અંદાજે બે હજારથી વધુ અધિકારીઓ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં કામગીરી કરશે.

હાલમાં રાજયમાં રાજય સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળાઓ અને કૃષિ મહોત્સવનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. આગામી ૩૧મી મેના રોજ કૃષિ મહોત્સવ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર હોઈ આ કાર્યક્રમના આયોજન માટે શિક્ષણ વિભાગ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ શાળામાં અભ્યાસ કરતાં બાળકો તંદુરસ્ત અને નિરોગી રહે તે માટે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવનાર છે.


# કાલુપુર રેલવે સ્ટેશન ઉપર ટ્રેનમાં બારી પાસે બેસેલી મહિલાની ચેન તોડાઈ

અમદાવાદ, તા.૧૬

મહિલાઓ ટ્રેનમાં બારી પાસે બેસતા સો વખત વિચાર કરજો કારણ કે મુંબઈની એક મહિલાને ટ્રેનમાં બારી પાસે બેસવાનું ખુબ જ ભારે પડ્યું છે. ગત રાત્રે કાલુપુર રેલવે સ્ટેશન પર રાણકપુર એકસપ્રેસમાં બેસેલી મહિલાના ગળામાંથી ચેન તોડી અજાણ્યો શખ્સ ફરાર થઈ ગયો હતો. આ અંગે કાલુપુર રેલવે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે મુંબઈના વિરાર ખાતે પ્રેમાદેવી બાબુલાલ જૈન પોતાના પરિવાર સાથે રહે છે. પ્રેમાદેવી મુંબઈથી બિકાનેર જવા માટે રાણકપુર એકસપ્રેસમાં બેઠા હતા. દરમ્યાનમાં ગતરાત્રીના ૯:૪૫ વાગે રાણકપુર એક્સપ્રેસ કાલુપુર રેલવે સ્ટેશન પર પહોંચી હતી. તે સમયે એક અજાણ્યો વ્યક્તિ આવ્યો હતો અને ટ્રેનમાં બારી પાસે બેસેલા પ્રેમાદેવીના ગળામાંથી સોનાની ચેન કિમત રૂા. ૪૫ હજારની તોડી નાસી છૂટ્યો હતો.

## શબ્દાવલી - ૪૭૩૨



| આડી ચાવી | | | ઊભી ચાવી | | |
|---|---|---|---|---|---|
| ૧. | એક સુંદર ફૂલછોડ | (૪) | ૧. | ઐતિહાસિક લડાઈનું મેદાન | (૪) |
| ૩. | પાપ | (૩) | ૨. | ચક્કર, અંધારા | (૩) |
| ૬. | કદી નહીં, કયારેય નહીં | (૩) | ૩. | કન્યાએ પરણતી વખતે પહેરવાની સાડી | (૪) |
| ૭. | સીડીદાદર વગેરેમાં થોડા પગથિયા પછી આવતું પહોળું પગથિયું | (૪) | ૪. | તમારું | (૨) |
| ૯. | સોંસરવું | (૪) | ૫. | તાર, એક વાદ્ય | (૪) |
| ૧૧. | આધાર | (૩) | ૮. | હવાલદાર, થાણાનો ઉપરી | (૪) |
| ૧૨. | એક હિંસક જળચર | (૩) | ૧૦. | પત્તુ, પાંદડું | (૨) |
| ૧૩. | એક પ્રખ્યાત ગઢવી | (૪) | ૧૧. | એક કઠોળ | (૨) |
| ૧૫. | ધરતી | (૨) | ૧૨. | માળ, મેડો | (૩) |
| ૧૬. | પાણી જવાનો રસ્તો | (૨) | ૧૩. | પરેશાન | (૩) |
| ૧૭. | ધૂપ | (૩) | ૧૪. | નહિ તો, નહિતર | (૩) |
| ૧૮. | પાઈપ | (૨) | | | |

### શબ્દાવલી ૪૭૩૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) મગરૂરી (૪) નીરવ (૬) ધિતકાર (૮) લગીર (૧૦) પણ (૧૧) પાંડુ (૧૨) હત (૧૩) વાદી (૧૪) ધરા (૧૫) વાલી (૧૬) રોનક (૧૮) હગડ (૧૯) કીલર (૨૦) આરતી

**ઊભી ચાવી :-** (૧) મજાલ (૨) રૂધિર (૩) રીત (૪) નીરણ (૫) વસાહત (૭) કાપડુ (૯) ગીરહી (૧૧) પાંચાલી (૧૨) હેરાનગતિ (૧૩) વાલ્મિકી (૧૪) ધરોહર (૧૫) વાનર (૧૭) કડ

# બોગસ બીડી, તમાકુ, ગુટખા બનાવવાની ફેક્ટરી ઝડપાઇ

### હજારો રૂપિયાનો મુદ્દામાલ કબજે કરાયો : ફેક્ટરી ચલાવતાં મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ જણાં ઝડપાયા

અમદાવાદ, તા.૧૬

શહેરના શાહઆલમ વિસ્તારમાં આવેલા નાગોરી હાઉસ ખાતેથી બનાવટી બીડી, તમાકુ અને ગુટખા બનાવવાની મીની ફેક્ટરી ઝડપાતાં ભારે ચકચાર મચી જવા પામી છે. દાણીલીમડા પોલીસે આ મામલે મુખ્યસૂત્રધાર સહિત ત્રણ જણાંની ધરપકડ કરી હજ્જારો રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે દાણીલિમડા પોલીસ મથકના સેકન્ડ પી.આઈ. એમ.એમ.મકવાણાને બાતમી મળી હતી કે શાહઆલમ નાગોરીની ચાલી ખાતેના નાગોરી હાઉસમાં બનાવટી બીડી બનાવવાની ફેક્ટરી ચાલે છે. બાતમીના આધારે પી.આઈ.એમ.એમ.મકવાણા સહિતની ટીમે નાગોરી હાઉસ ખાતે ગત મોડી સાંજના સુમારે દરોડો પાડ્યો હતો. ઘટના સ્થળેથી પોલીસને બનાવટી બીડી ઉપરાંત બનાવટી તમાકુ અને ગુટખાનો જથ્થો પણ મોટી માત્રામાં મળી આવ્યો હતો. જેથી પોલીસ ઘટના સ્થળે હાજર ફેક્ટરીના માલીક (૧) અફસો ઉર્ફે અશફાક અસરફભાઇ મેમણ (ઉ.વ.૩૨) રહે. ૧૮, શેખાવતી એપાર્ટમેન્ટ, દાણીલીમડા (૨) ગોવિંદ શાંતીલાલ ઠાકોર રહે. કડીયાની ચાલી સરસપુર અને મનોજ પ્રતાપસિંગ મહાવત રહે. સરસપુરને ઝડપી પાડ્યા હતાં. પોલીસ ટીમે ઘટના સ્થળેથી જુદી જુદી બ્રાન્ડની બનાવટી બીડીઓ, જુદી જુદી બ્રાન્ડની બનાવટી તમાકુ અને બનાવટી ગુટખાનો મસમોટો જથ્થો ઉપરાંત બનાવટી બીડી, ગુટખા અને તમાકુ બનાવવાનો માલ સામાન મોટી માત્રામાં કબ્જે કર્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી ૬૫,૬૭૧ રૂા.નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અફસોજ ઉર્ફે અશફાક છેલ્લા ઘણાં સમયથી બનાવતી બીડી, તમાકુ અને ગુટખા બનાવાનો વેપલો ચલાવતો હતો. ગોવિંદ અને મનોજ બનાવટી બીડી, તમાકુ અને ગુટખા બનાવવામાં માસ્ટર હોવાનું પોલીસ સૂત્રો કહી રહ્યા છે. હાલમાં દાણીલીમડા પોલીસે ત્રણેયની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્યમાં તીવ્ર ગરમી જારી : ભારે બફારો

### આજે ગરમીમાં વધારો થવાની સંભાવના : અમદાવાદમાં ૪૨.૨ ડિગ્રી તાપમાન : રાજકોટ ખાતે સૌથી વધારે ગરમી

અમદાવાદ, તા.૧૬

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી વાતાવરણમાં અંશતઃ પલટો આવ્યા બાદ બે-ત્રણ દિવસથી વૈશાખી વાયરા સાથે ઉષ્ણતામાનમાં ક્રમશઃ વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં આજે સૌથી વધુ તાપમાન સૌરાષ્ટ્રના રાજકોટમાં ૪૨.૬ ડીગ્રી નોંધાયું હતું જ્યારે અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં પણ ગરમીનો પારો ૪૨ ડીગ્રીને વટાવી ગયો હતો. રાજ્યના હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન ૪૨.૨ ડીગ્રી નોંધાયુ હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડીગ્રી નોંધાયુ છે. હવામાં ભેજનું પ્રમાણે સવારે ૭૧ ટકા અને સાંજે ૧૬ ટકા નોંધાયુ હતું એટલે સવારે ભેજનું પ્રમાણ વધુ નોંધાતા લોકોએ બફારાનો અહેસાસ કર્યો હતો. ઉષ્ણતામાનમાં કાયમ અગ્રેસર રહતા ઈડરમાં મહત્તમ તાપમાનમાં ૪૧.૨ ડીગ્રી નોંધાયું હતું. એટલે ઈડર કરતાં અમદાવાદ, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં વધુ તાપમાન નોંધાયુ છે. રાજ્યના દરિયાકાંઠા વિસ્તારના શહેરોમાં ઉષ્ણતામાન સામાન્ય રહ્યુ હતું. જેમાં મહત્તમ તાપમાન જોઈએ તો સુરતમાં ૩૫ ડીગ્રી, ભાવનગરમાં ૩૯.૨ ડીગ્રી, દ્વારકામાં ૩૧.૭ ડીગ્રી, ઓખામાં ૩૨.૩ ડીગ્રી વેરાવળમાં ૩૩.૪ ડીગ્રી અને દીવમાં ૩૩.૫ ડીગ્રી ઉષ્ણતામાન નોંધાયું હતું. રાજ્યના હવામાન વિભાગે આગાહી કરી છે કે આવતીકાલ તા.૧૭મીના રોજ રાજ્યના સરેરાશ તાપમાનમાં થોડો વધારો થવાની શક્યતા છે. તેમજ હવામાં ભેજનું પ્રમાણ વધે તેમ છે.

## કંપની સમાચાર

### આયન એકસ્ચેન્જ રજૂ કરે છે ઝીરો-બી ઈન્ટેલો

જળ શુદ્ધિકરણમાં નેતૃત્વ ધરાવતી કંપની આયન એકસેન્જે ઝીરો બી ઈન્ટેલની રજૂઆત કરી છે. ઝીરો બી ઈન્ટેલોને તમારા રેફ્રિજરેટર, વોટર કૂલર અને કોફી મશીન્સ સાથે જોડી શકાય છે તેની ડિઝાઈન ફલેક્સીબલ છે. જે તમારા રસોડાની જગ્યા પ્રમાણે મૂકી શકાય છે.

સ્વાસ્થ્ય અને સંભાળ તે વિશ્વભરની મુખ્ય ચિંતા છે. ભારતમાં પ્રદૂષિત મુખ્ય મુદ્દો રહ્યો છે. શુદ્ધ પીવાનું પાણી તે ભારતમાં મુખ્ય મુદ્દો છે. કારણ કે ૭૫ ટકા રોગો પાણી આધારિત હોય છે. ઝીરો બી ઈન્ટેલોમાં પાણીનાં ચાર સ્તરની શુદ્ધિ થાય છે. જેમાં અનિચ્છનીય સ્વાદ, ગંદ, રસાયણો અને ભારે પદાર્થોનો સમાવેશ થાય છે.

ઝીરો બી ઈન્ટેલો આરઓમાં ઈલેક્ટ્રોનિક સિસ્ટમ સેન્સીટાઈઝર અને ઈન્ટેલો મોનિટરીંગ સિસ્ટમનો સમાવેશ થાય છે. તેમાં સાત સ્તરનું શુદ્ધિકરણ જોવા મળે છે.

### મલેશિયા એરલાઈન્સે ઉનાળું મોસમમાં ફ્લાઈટમાં ઉમેરો કર્યો

મલેશિયા એરલાઈન્સે આ ઉનાળાની મોસમમાં મુંબઈ અને કુઆલાલુમ્પુર વચ્ચે વધારાની ફ્લાઈટો શરૂ કરી છે. તા. ૧૩ મે થી તા. ૩૧ મે, ૨૦૧૦ દરમિયાન આ વધારાની ફ્લાઈટો મુંબઈ અને કુઆલાલુમ્પુર વચ્ચે ઉડાન ભરશે. વધારાની મલેશિયા એરલાઈન્સની ફ્લાઈટ એમએચ-૭૦૮૫ રવિવારથી ગુરૂવાર અને શનિવારે મુંબઈ એરપોર્ટથી રાત્રિના ૧.૧૫ કલાકે ઉપડશે અને સવારે ૯.૦૫ કલાકે કુઆલાલુમ્પુર પહોંચશે. વળતી ફ્લાઈટ એમએચ ૭૦૮૪ કુઆલાલુમ્પુરથી રાત્રીના ૯.૪૦ કલાકે ઉપડી મુંબઈ રાત્રિના ૧૨.૨૫ કલાકે પહોંચશે.

મલેશિયા એરલાઈન્સના જનરલ મેનેજર નુર શફિક હરિસે જણાવ્યું હતું કે 'આ ઉનાળાની મોસમમાં મલેશિયા એરલાઈન્સમાં આકર્ષક ભાવે ઉડાન ભરવાનો આનંદ માણી શકાય છે.' ગ્રાહકો રૂ. ૨૮,૦૯૩માં મુસાફરીનો લાભ લઈ શકે તેમ છે.

# કેરીની કિંમતમાં ઘટાડો થવાનાં એંધાણ કિલોદીઠ ભાવ ૫૦થી નીચે જશે

અમદાવાદ,તા.૧૬

કેરીનો શોખીન લોકો માટે સારા સમાચાર છે. આવનાર દિવસોમાં જુદી જુદી જાતની કેરીઓની કિંમતમાં ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. વિશ્વસનીય સૂત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ અમદાવાદ યાર્ડમાં હાલ કેરીનો ભાવ કિલોદીઠ ૭૦ રૂપિયાની આસપાસ છે. જે આગામી સપ્તાહોમાં ઘટીને ૫૦ રૂપિયા સુધી પહોંચી શકે છે. અન્ય જાતની કેરીઓના ભાવમાં પણ ઘટાડો થશે. કેસર કેરી આ વખતે હાલમાં નાના કદમાં છે પરંતુ હવેથી બે સપ્તાહના ગાળામાં કેરીના શોખીન લોકોને મધ્યમ સાઈઝની કેરીઓ અને મોટી સાઇઝની કેરીઓ પણ મળી શકશે. તલાલા અને વલસાડમાંથી કેરીઓ આગામી થોડાક સપ્તાહમાં અમદાવાદ શહેરમાં આવી પહોંચશે. ૨૫થી ૩૩ દિવસના વિલંબ બાદ કેરીનો જથ્થો બજારમાં પહોંચી રહ્યો છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે માહિતી આપતા જણાવ્યું છે કે અમદાવાદ યાર્ડમાં મોટાભાગે કેરી આંધ્રપ્રદેશ, કેરળ, તમિલનાડુ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાંથી આવે છે. ફૂટ માર્કેટના ડિલરોના જણાવ્યા મુજબ કેસર કેરી હાલમાં નાના કદમાં છે પરંતુ ટૂંક સમયમાં મોટા કદમાં પણ ઉપલબ્ધ થશે. ઉત્પાદનની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૦૯-૧૦માં વલસાડમાં ૨૨.૬ લાખ કિલો કેરીનું ઉત્પાદન થયું હતું જ્યારે નવસારીમાં ૧૫.૨૪ લાખ કેરીનું ઉત્પાદન થયું હતું. તલાલા માર્કેટ યાર્ડમાં મંગળવારના દિવસે પ્રથમ કેસર કેરીની હરાજી થઈ હતી. આશરે ૭૦૦૦ કેસર કેરીના બોક્સ (૧૦ કિલો પ્રતિ બોક્સ)નો જથ્થો હરાજી માટે પહોંચ્યો હતો. કેટલાક એજન્ટો સીધી રીતે સક્રિય થઈને ખેડૂતો પાસેથી સોદાબાજી કરી લે છે. તાજેતરમાં જ હાઈકોર્ટે અને રાજ્ય સરકારે જાહેર નામૂ જાહેર કરીને સીધી રીતે ખેડૂતો સાથે સોદા કરતા કમીશન એજન્ટો ઉપર પ્રતિબંધ મૂક્યો હતો.